"ભૌતિક પ્રગતિને આંતરિક ઉન્નતિ માનવાની ભૂલ ન થવી જોઈએ."
– નાની પાલખીવાલા

# પીએનબી કૌભાંડઃ બૅંકને સીધીદોર કરવાનો સમય હવે આવી ગયો છે

**મુંબઈમાં** પંજાબ નેશનલ બૅંકની એક શાખામાં ૧૧ હજાર ૪૦૦ કરોડ રૂપિયાના છેતરામણા વ્યવહારોએ, ફરી ભારતીય બૅંકો દ્વારા થતા આડેધડ કે આંખ મિંચીને કરવા દેવામાં આવતા વ્યવહારોને લઈ તેમની વિશ્વસનીયતાને જોખમમાં મૂકી દીધી છે. એ જ બૅંકની એ જ શાખામાં રૂ. ૨૮૦ કરોડની થયેલી છેતરપિંડીનું પ્રકરણ તો હજુ જેમનું તેમ છે! આ ગરીબ અને મધ્યમવર્ગના લોકોની થાપણોનો ગેરઉપયોગ છે અને તેમનો વિશ્વાસ ઊઠી જાય તેવું વાતાવરણ પેદા થાય છે. સમાચારો પ્રસરતાં જ બૅંકના શેરના ભાવ ગગડ્યા. કોણ રોકાણ કરે છે, શેરબજારમાં? બૅન્કના થાપણદારો પછી વધારે ચિંતાજનક સ્થિતિ એ શેરહોલ્ડર્સની થઈ જાય છે. આમ પણ બૅન્કો બેડલોન્સના કારણે એટલી નબળી પડી ગઈ છે કે, સરકારે બૅન્કને બચાવવા માટે પગલાં લેવાં પડ્યાં છે, એ સ્થિતિમાં આવા બનાવો બૅંકોની પ્રતિષ્ઠાને લૂણો લગાડે છે. પગાર વધારા માટે છાસવારે હડતાળો પાડતા બૅંક કર્મચારીઓ અને તેના અધિકારીઓની ગ્રાહકસેવા તો નિમ્નસ્તરની જ રહી છે. રાષ્ટ્રીયકૃત બૅંકોનું આ ક્ષેત્ર કર્મચારીઓ માટે લાભાર્થી ક્ષેત્ર જ બની ગયું છે. આ ૧૧ હજાર ૪૦૦ કરોડના ગેરવ્યવહારો આંખે પાટાબાંધીને કામ કરતા કર્મચારીઓના કારણે જ શક્ય બને!

નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી બૅંકિંગ ક્ષેત્રને મૂડી પૂરી પાડવાનાં પગલાં શરૂ કર્યા, તે મુજબ ૨૦૧૪-૧૫ના બજેટમાં રૂ. ૬,૯૯૦ કરોડ ફાળવ્યા, ૨૦૧૫-૧૬ના વર્ષમાં રૂ. ૭,૯૪૦ કરોડ આપ્યા. પરંતુ સરકારનું આ પગલું સદંતર ગેરમાર્ગે દોરેલું હતું. કારણ કે એ રકમ બૅંકના પર્ફોર્મન્સના આધારે ફાળવાઈ હતી. બૅંકને મૂડી એ રીતે પૂરી પાડવી જરૂરી હતી કે બૅંક સારાં ધીરાણ કરી શકે, જે દેશના અર્થતંત્રનો વિકાસદર વધારવામાં મદદરૂપ બની શકે. આમ એ રીતે બે વર્ષમાં લેવાયેલાં ધીમાં પગલાંથી બૅંકોની સ્થિતિ સુધારવામાં બે વર્ષનો સમય ચાલ્યો ગયો.

અને એવી યોજના સરકારે છેક હમણાં ખુલ્લી મૂકી એ મુજબ સરકાર જાહેર ક્ષેત્રની બૅંકોને હવે પછીના ચાર વર્ષમાં રૂ. ૭૦ હજાર કરોડ આપશે. જે બૅંકોને વર્કિંગ કેપિટલની જરૂર હશે તે બધી બૅંકોને તેનો લાભ મળશે. હવે કઈ બૅન્કનું સારું પર્ફોર્મન્સ છે એ મુદ્દો નજરમાં નહીં લેવાય અને તેની અસર તરત જ શેરબજાર પર બૅંકોના શેરના ભાવ પર પડી. બૅંકોના શેરના ભાવ વધ્યા.

આટલું ભંડોળ ઠાલવવા સાથે સરકાર બૅંક મેનેજમેન્ટમાં પણ સુધારા કરવાનું પગલું લઈ રહી છે, એ પણ એટલું જ મહત્ત્વનું છે. જોકે તે અંગેની ભલામણો પી.જે. નાયક સમિતિએ કરી છે તે સરકારના ટેબલ પર છે જ, પણ બધું તે મુજબ નહીં કરે સરકાર. સરકાર તેમાં પણ સુધાર કરશે તે મુજબ સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા સિવાયની બૅંકોમાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરના હોદ્દા અલગ કરવામાં આવશે અને પાંચ બૅંકોના ચેરમેનના નામ સરકારે નક્કી પણ કરી લીધાં છે. જે રાજકારણી નહીં પણ ખાનગી ક્ષેત્રની સિદ્ધહસ્ત વ્યક્તિઓ છે. આમ કરવાથી સીઈઓ સર્વસત્તાધારી નહીં રહે. રિઝર્વ બૅંક પહેલેથી જ કહે છે કે, બૅંકોના વહીવટથી રાજકારણીઓને દૂર રાખો અને બૅંકોને સ્વતંત્ર વહીવટની સત્તા આપો.

બૅંકો માટે એક અલગ બૅન્ક બોર્ડ બ્યૂરોની રચના કરવાનું પણ સરકાર વિચારી રહી છે અને આ બોર્ડને જ જાહેર ક્ષેત્રની બૅંકોમાં નિયુક્તિઓ કરવાની સત્તા રહેશે. એમાં સ્વતંત્ર ડિરેક્ટર્સની નિયુક્તિની સત્તાનો પણ સમાવેશ થાય છે. સરકાર સાત નિષ્ણાતોની એ બોર્ડમાં સભ્ય તરીકે નિયુક્તિ કરવા ઈચ્છે છે, જેમાં એક ચેરમેન, ત્રણ અન્ય સરકારી પ્રતિનિધિઓમાં રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર અને બાકીના સફળ વ્યાવસાયિકોને લેવાનું વિચારે છે. અત્યારે બૅંકોના ઉચ્ચ હોદ્દાઓ પર રિઝર્વ બૅંકનાં ગવર્નર નિયુક્તિ કરે છે, હવે તેમાં ફેરફાર કરાશે. આટલું કર્યા પછી સરકાર બૅંકોના સમગ્ર વહીવટથી દૂર ખસી જવા માગે છે.

સરકારે તે અંગે પણ બહુ સાવચેતીભર્યાં પગલાં લેવાં પડશે, કારણ કે જાહેરક્ષેત્રની બૅંકોની કામગીરીનું માપતોલ કરવું એ સહેલું કામ નથી. આર્થિક લાભના અતિ ઉપયોગ કરતાં કરતાં હરીફાઈ અને જાહેર બૅંકોમાંના કલ્ચર કોરી ન ખવાય તે જોવું મહત્ત્વનું રહેશે, જેવું મુંબઈની પંજાબ નેશનલ બૅંકની શાખામાં બન્યું! જોકે સરકારનો આ સેન્સીબલ એપ્રોચ છે અને એ સારાં પરિણામોની આશા રાખે છે.

રાશિ કહે છે... ॥ શુભમ્ ભવતુ ॥ રાજેન મહેતા

rajen.mehta@bombaysamachar.com

ગુરુવાર, તા. ૧૫-૨-૧૮

- મેષ (અ, લ, ઇ): તમારે શુભ પ્રસંગમાં હાજરી આપવી પડે તેમાં નવી ઓળખાણ થતા કાર્યક્ષેત્રે ઉપયોગી ને ફાયદામંદ રહે.
- વૃષભ (બ, વ, ઉ): તમારા કાર્યક્ષેત્રે કાર્યનો ભાર/બોજો વધતો જતાં કંટાળો, થાક ને આળસ અનુભવો. તબિયત બગડે.
- મિથુન (ક, છ, ઘ): તમે નિર્દોષ હોવા છતાં તમારા પર ખોટું આળ આવે. સ્વજનો સાથે બોલાચાલી થાય. દ્વિધા અનુભવો.
- કર્ક (ડ, હ): તમારા શોખને અનુરૂપ કાર્ય હાથમાં આવતા અંદર રહેલી ખૂબીનો ઉપયોગ થાય. મનમાં પ્રફુલ્લતા પ્રવર્તે.
- સિંહ (મ. ટ.): તમારા કાર્યક્ષેત્રે આવકનાં સ્રોતમાં વધારો થાય પણ નવી ખરીદીમાં ખર્ચ થતા બધું સરભર થઇ જાય.
- કન્યા (પ, ઠ, ણ): તમારા કાર્યક્ષેત્રે બધા મહત્ત્વના કાર્ય મુલતવી રાખવા પડતાં મનમાં વ્યગ્રતા ને ઉચાટનાં શિકાર બનો.
- તુલા (ર, ત): તમારા પરિવારનું વાતાવરણ કલેશમય રહેતા કાર્યક્ષેત્રે મન ન લાગતા કાર્ય અધૂરા રહે. અપયશ મળે.
- વૃશ્ચિક (ન. ય): તમારા કાર્યક્ષેત્રે યોગ્ય સમયે પગલાં ભરતા પ્રતિસ્પર્ધી કે હરીફોને મહાત આપો. સફળ રહો.
- ધનુ (ભ, ફ, ધ, ઢ): તમારા કાર્યક્ષેત્રે ધાર્યા કરતાં મહેનત ને ખર્ચ વધારે થતા સંઘર્ષ કરવો પડે ને મનોબળ નબળું પડે.
- મકર (ખ, જ): તમારા હૃદય- મનની પ્રસન્નતામાં વધારો થાય તેવા પ્રસંગના સાક્ષી બનો. સાથે આકસ્મિક ધનલાભ પણ થાય.
- કુંભ (ગ, સ, ષ, શ): તમારા વિરોધીઓ પરેશાની ઊભી કરતા મન ગેરકાયદેસર કાર્ય કરવા પ્રેરાય પણ પછી પસ્તાવો થાય.
- મીન (દ, ચ, ઝ, થ): તમારામાં રહેલી તર્કશક્તિને કારણે અશક્ય કાર્યને શક્ય બનાવો તેથી રોજિંદી આવક કરતાં વૃદ્ધિ અનુભવો.

એક્સ્ટ્રા અફેર

રાજીવ પંડિત rajeev.pandit@bombaysamachar.com

# જવાનોની શહાદતમાં કોમવાદઃ ઓવૈસી જેવા બીજું શું કરવાના?

**ભારતમાં** રાજકારણ અત્યંત ગંદું થઈ ગયું છે અને સમાજ પણ એ હદે વિભાજિત થઈ ગયો છે કે કોઈ પણ વાત હોય તેને તરત જ ધર્મ કે જ્ઞાતિનો રંગ આપી જ દેવાય છે. કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોના મામલે એવું જ થયું છે. પાકિસ્તાની આતંકવાદીઓએ હમણાં આપણું નાક વાઢવાનો કાર્યક્રમ શરૂ કર્યો છે ને તેના ભાગરૂપે ચાર દિવસમાં ત્રણ આતંકવાદી હુમલા થઈ ગયા. આ હુમલાઓમાં સૌથી ભીષણ હુમલો જમ્મુના સુંજુવાંમાં થયેલો. આતંકવાદીઓ સુંજુવાંમાં લશ્કરી કેમ્પમાં ઘૂસી ગયા ને આપણા છ સૈનિકોનાં ઢીમ ઢાળી દીધાં. દેશ માટે શહાદત વહોરનારા આ બધા જવાનો ભારતીય હતા પણ મુસ્લિમોના મસીહા બનવાના જેમને ધખારા છે એ અસાદુદ્દીન ઓવૈસીએ આખી વાતને કોમી રંગ આપી દીધો.

ઓવૈસીએ જાહેર કર્યું કે, જે લોકો ભારતના મુસ્લિમોને પાકિસ્તાની કહીને ગાળો આપે છે તેમણે હમણાં કાશ્મીરમાં થયેલા હુમલામાંથી ધડો લેવો જોઈએ કેમ કે આ હુમલામાં શહીદ થયેલા ૭ જવાનોમાંથી ૫ જવાન મુસ્લિમ છે ને માર્યો ગયેલો એકમાત્ર નાગરિક પણ મુસ્લિમ છે. અમે દેશ માટે જાન આપી રહ્યા છીએ ત્યારે અમને પાકિસ્તાની કહીને હલકા ચીતરવામાં આવે છે એવો અફસોસ પણ ઓવૈસીએ વ્યક્ત કર્યો.

ઓવૈસીએ જે વાત કરી એ માહિતીની રીતે સાચી છે પણ તેમણે જે સંદર્ભમાં આ વાત કરી એ ખોટી છે. જમ્મુના સુંજુવાં મિલિટરી કેમ્પ પર થયેલા હુમલામાં આપણા મોહમ્મદ અશરફ મીર, હબીબુલ્લાહ કુરેશી, મંઝૂર અહમદ દેવા ને મોહમ્મદ ઈકબાલ શેખ એ ચાર જવાનો શહીદ થયા. શહીદ મોહમ્મદ ઈકબાલ શેખના પિતા ગુલામ મોહીયુદ્દીન શેખ પણ આ હુમલામાં જન્નતનશીન થયા. એ સિવાય સીઆરપીએફ કેમ્પ પર થયેલા હુમલામાં બિહારના આરાનો મુઝાહિદ ખાન શહીદ થયો. આ શહીદોના નામે ઓવૈસીએ પોતાનો રાજકીય રોટલો શેકવાનો કાર્યક્રમ શરૂ કરી દીધો.

જોકે ઓવૈસી આવી હરકત કરનારા પહેલા નેતા નથી. આ પહેલા પણ આ રીતે લશ્કરને કોમવાદનો રંગ આપવાની કોશિશ કરી જ છે ને તેનો ઊડીને આંખે વળગે તેવો કિસ્સો આઝમખાનનો છે. પોતાને ઉત્તર પ્રદેશના મુસ્લિમોના માઈબાપ સમજતા આઝમખાને ૨૦૧૪ની લોકસભા ચૂંટણી તાકડે ગાઝિયાબાદમાં એવો લવારો કરેલો કે, ૧૯૯૯નું કારગિલ યુદ્ધ ભારત હિન્દુઓના કારણે નહીં પણ મુસ્લિમ સૈનિકોના કારણે જીત્યું હતું. આઝમખાનના આ લવારાના કારણે બબાલ થઈ ગઈ તેથી કારગિલની લડાઈ હિન્દુઓએ નહીં પણ મુસ્લિમ સૈનિકોએ જિતાડી હતી તે સાબિત કરવા આઝમખાન એક કદમ આગળ વધ્યા હતા. તેમણે પોતાની વાતને સાચી સાબિત કરવા માટે એક સીડી બહાર પાડી હતી.

આ સીડીમાં એક કર્નલની રેન્કનો ઓફિસર પત્રકારો સાથે વાત કરતી વખતે પોતાની બટાલિયન ૨૨ ગ્રેનેડિયરના મુસ્લિમ સૈનિકોએ કઈ રીતે પાકિસ્તાનના સૈનિકોને ઢાળી દીધા હતા તેની વાત કરતો બતાવાયેલો. બેકગ્રાઉન્ડમાં કારગિલનું રણમેદાન દેખાતું હતું. સીડીમાં આ ઓફિસર એવો દાવો કરતો સંભળાય છે કે, ભારતીય લશ્કરના મુસ્લિમ સૈનિકો પાસે દારૂગોળો ખૂટી ગયો હતો. એ વખતે તેમણે નારે-એ-તકબીર અલ્લાહ ઓ અકબરના નારા લગાવ્યા. એ સાંભળીને પાકિસ્તાની સૈનિકો બહાર આવ્યા ને ભારતીય મુસ્લિમ સૈનિકોએ તેમને ઢાળી દીધા. મુસ્લિમ સૈનિકોના કારણે ભારતે એકદમ ઊંચાઈ પર આવેલી ચોકીઓ પરથી પાકિસ્તાની સૈનિકોને ખદેડીને કઈ રીતે કબજો મેળવ્યો તેની શૌર્યગાથા આ અધિકારી વર્ણવે છે. આઝમખાને ચૂંટણી ટાણે પોતાના સમર્થનમાં આઝમવાદી યુવા મંચ બનાવ્યો હતો ને આ યુવા મંચના કાર્યકરોએ ઉત્તર પ્રદેશમાં ઘેર ઘેર ફરીને આ સીડી વહેંચી હતી. એ વખતે આઝમખાને જોરશોરથી એવો પ્રચાર કરેલો કે, આ દેશમાં મુસ્લિમ સૈનિકો દ્વારા બતાવાતી દેશભક્તિની પ્રશંસા કરવા માટે કોઈ તૈયાર નથી. આઝમખાને લશ્કરી કામગીરીને કોમવાદનો રંગ આપવાની ગંદી હરકત કરેલી તેવી જ હરકત હવે ઓવૈસીએ કરી છે.

ઓવૈસીના આ લવારા સામે લશ્કરે ચોખવટ કરી જ છે કે, શહીદોના નામે આ બધા ધંધા બંધ કરો ને શહીદો પર કોઈ કોમનાં લેબલ ના લગાવો. લશ્કર વતી નોર્ધન કમાન્ડના ચીફ જનરલ દેવરાજ અન્બુએ એવી ચોખવટ પણ કરી કે, જે લોકો આવી વાતો કરે છે તેમને ભારતીય લશ્કર વિશે બહુ ખબર જ નથી. જનરલ દેવરાજની વાત સાવ સાચી છે પણ તેમની વાતની ઓવૈસી જેવા લોકો પર અસર થાય તેવી આશા રાખવા જેવી નથી. તેનું કારણ એ કે ઓવૈસી જેવા લોકોની દુકાન આ બધા લવારા પર ચાલે છે. ઓવૈસી જેવા લોકો દરેક વાતને કોમવાદનો રંગ આપવામાં માહિર છે, કેમ કે તેમનો રાજકીય સ્વાર્થ છે. એ લોકો મુસ્લિમોમાં અસંતોષની લાગણી ઊભી કરીને પોતાનો સ્વાર્થ સાધે છે તેથી તેમની પાસેથી બીજી આશા પણ શું રાખો ?

જોકે ઓવૈસી જેવા નમૂનાઓને આવું બોલવાની તક મળે છે તેનું કારણ પોતાને હિંદુવાદી કહેવડાવતા કેટલાક નમૂના છે. એ બધા મુસ્લિમોની વફાદારી સામે શંકા કરતાં નિવેદનો આપ્યા જ કરે છે. થોડા સમય પહેલાં જ ભાજપના સાંસદ વિનય કટિયારે એવો લવારો કરેલો કે, મુસ્લિમોએ પાકિસ્તાન જતા રહેવું જોઈએ કેમ કે ધર્મના આધારે દેશનું વિભાજન થઈ ગયું ને મુસ્લિમોને પાકિસ્તાન-બાંગ્લાદેશ મળી ગયાં પછી તેમને અહીં રહેવાનો હક જ નથી. કટિયારે હજુ હમણાં જ આ વાત કરી છે. આ પ્રકારના લવારા કરનારા વિનય કટિયાર એકલા નથી. ભાજપ આ દેશનો શાસક પક્ષ છે ને ભાજપ પાસે જ આવા થોકબંધ નમૂના છે. સાક્ષી મહારાજથી માંડીને સાધ્વી નિરંજના સુધીના ભાજપના નમૂના આવી વાતો કરતા જ રહે છે. એ લોકોની માનસિક કક્ષા પણ ઓવૈસી જેવી જ છે. એ લોકો પણ આ લવારા કરે છે કેમ કે તેમાં તેમનો રાજકીય સ્વાર્થ છે. ઓવૈસી જેવાઓની વાત સાંભળીને કટ્ટરવાદી મુસ્લિમો ઝૂમી ઊઠે છે તો આ બધાની વાત સાંભળીને હળાહળ મુસ્લિમ વિરોધી માનસિકતા ધરાવતા હિંદુઓ રાજી થઈને આળોટવા માંડે છે. આ તો ભાજપની જ વાત કરી, બાકી તેનાં પિઠ્ઠુ જેવાં સંગઠનોની તો વાત જ નથી કરતા. એ લોકો તો તેના કરતાં પણ વધારે ખરાબ ભાષા બોલે છે.

જોકે આ બધા લવારાના કારણે આ દેશના મુસ્લિમોને કોઈ ફરક નથી પડતો. આ દેશના મુસ્લિમોને ના તો કટિયાર જેવા નમૂનાઓની સલાહની જરૂર છે કે ના તો ઓવૈસી જેવા લોકોના લવારાની જરૂર છે. ભારત દુનિયામાં મુસ્લિમોની વસતીમાં બીજા નંબરનો દેશ છે પણ આ દેશના મુસ્લિમોમાંથી નવ્વાણુ ટકા મુસ્લિમોને બીજા કોઈ લફરામાં રસ નથી તેથી આ દેશમાં શાંતિ છે. પાકિસ્તાનના ચડાવ્યા થોડાઘણા લોકો આડે રસ્તે ફંટાઈ જતા હશે પણ મોટા ભાગના મુસ્લિમોને ના તો પાકિસ્તાનમાં રસ છે કે ના તો તે ઈસ્લામનું શાસન સ્થાપવાનાં ગાજર લટકાવે છે તેમાં રસ છે. આ મુસ્લિમો માટે ભારત જ તેમનો દેશ છે ને આ દેશને પોતાનો માનીને એ લોકો અહીં રહે છે. આ માનસિકતા તેમને તેમના વડવાઓ પાસેથી મળી છે. બાકી પાકિસ્તાનમાં કે ઈસ્લામના નામે ઊભા થતા દેશમાં રસ હોત તો એ લોકો પાકિસ્તાન ના જતા રહ્યા હોત ?

આ દેશના મુસ્લિમો સમજદાર છે ને તેમને કોઈના સર્ટિફિકેટની કે સલાહની જરૂર નથી. આ દેશના મુસ્લિમો પોતાના વતનમાં, પોતાના ઘરમાં ઈજ્જતથી જીવે છે ને ઈજ્જતથી કમાણી કરીને ખાય છે. ભારતના નાગરિકો તરીકે ગૌરવભેર જીવે છે ને પોતાના દેશને આગળ લઈ જવામાં યોગદાન આપે છે. આ દેશના મુસ્લિમો કોઈના ઓશિયાળા નથી કે કોઈના આંગળિયાત નથી. આ દેશના વિકાસમાં મુસ્લિમોનું મોટું યોગદાન છે ને એ યોગદાનને કોઈ નકારી ના શકે. આ દેશને આગળ લાવવા તેમણે દેશના બીજા લોકો જેટલી જ મહેનત કરી છે ને આ દેશ માટે તેમણે બીજાં લોકો જેટલાં જ બલિદાન આપ્યાં છે. આ વાતની ખબર આ દેશના લોકોને પણ છે જ ને ઓવૈસીએ તે સમજાવવાની જરૂર નથી. ઓવૈસીએ જેમની વાત કરી એ શહીદોની અંતિમવિધિમાં ઊમટી પડેલી હજારોની મેદની તેનો પુરાવો છે. આ દેશ પર તેમનું ૠણ છે ને દેશ એ સ્વીકારે જ છે.

જે લોકો મુસ્લિમોને પાકિસ્તાની કહે છે તેમની દયા ખાવી જોઈએ ને તેમને જવાબ આપવાની પણ જરૂર નથી.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી anwar.v@bombaysamachar.com

# માબાપની પ્રાથમિકતામાં ઉંમરલાયક છોકરા-છોકરીના સમયસર નિકાહ

**'ખુદા** તઆલા' એવા માણસ પર લાનત (ધિક્કાર) કરે, જે પોતાની ઔરત સિવાય, કોઇ અજાણી(પારકી) ઔરતને જુએ, એ જ પ્રમાણે તેના ઉપર પણ લાનત કરે, જે ઔરત પોતાની જાતને જરૂરત વગર કોઇ નામહેરમ (પારકા) પુરુષને દેખાડે.' (હવાલો : 'બયહકી)

આ નઝરબાઝીમાં એ વાતનો મોટો ભય છે કે, મર્દને કોઇ પારકી ઔરત પસંદ પડી જાય! એ જ પ્રમાણે ઔરતને કોઇ પરાયો, પારકો માણસ પસંદ પડી જાય ! આ વસ્તુ વિવાહિત મર્દ તથા ઔરતમાં જુદાઇ તેમજ દિલથી ઊતરી જવાના કારણભૂત બને છે. આપણા નવજુવાનો અને ખાસ કરીને ઔરતોને જોઇએ કે તેઓ પરાયા મર્દોને જુએ નહીં, નહીં તો લાનતના હકદાર બનશે. યાદ રાખો, હદીસ શરીફમાં આવી ગયું છે કે, 'જોનાર ઉપર લાનત અને શરીર દેખાડનારી ઉપર પણ લાનત છે.'

હઝરત ઇબ્ને અબ્બાસ રહિ્લ્લાહો અન્હો ફરમાવે છે કે,'એક કુંવારી છોકરી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ્ (સ.અ.વ)ની સેવામાં હાજર થઇને કહેવા લાગી કે, ' મારા બાપે મારી જબરજસ્તી શાદી કરી નાખી અને મને તે છોકરો પસંદ ન હતો. ' આપ (સ.અ.વ.)મે ફરમાવ્યું, 'તો પછી તને છૂટ છે, કે ચાહે તો તું નિકાહ કાયમ રાખે અથવા તો તોડી નાખે.' બાલિગ (ઉંમરલાયક) છોકરીનો જબરજસ્તી નિકાહ કરવો જાઇઝ નથી, બલ્કે હરામ છે.

અલ્લાહના રસુલ (સ.અ.વ.)ફરમાવ્યું કે,'જે માણસને ત્યાં છોકરો પેદા થાય તેના પર ત્રણ બાબતોની ફરજ છે : ૧ - સારું નામ રાખે, ૨ - કેળવણી આપે, જે દીન અને દુનિયામાં ફાયદાકારક હોય અને ૩ - જ્યારે બાલિગ (પુખ્ત વયનો) થાય ત્યારે તેનો નિકાહ કરી નાખે. જો છોકરો ઉમર લાયક થઇ ગયો અને તેના નિકાહ કર્યા નહીં, એવામાં તે છોકરાથી કોઇ જાતની બદકારી થઇ ગઇ, તો છોકરાનો ગુનોહ તેના બાપ ઉપર પણ હશે. ' (હવાલો : બયહકી)

બાપ ઉપરોક્ત ફર્ઝની ઝિમ્મેદારીનો છોડનાર હોવાથી કસૂરવાર છે એમ ઇસ્લામી નિયમ કહે છે કારણ તંદુરસ્ત સમાજ માટે આ જરૂરી બાબત લેખવામાં આવેલ છે. એટલા માટે માબાપે છોકરો પુખ્ત વયનો થતાં જ નિકાહ કરી દેવા જોઇએ. બેકાર ઇન્તેજાર કરવામાં શરીઅતની પણ જવાબદારી છે અને દુન્યવી હેસિયતથી પણ નુકસાન છે, કેમકે ઘણા ખરા છોકરાઓની તંદુરસ્તી રખડેલપણા તેમજ બદચલણના કારણે આ જ સમયમાં ખરાબ થઇ જાય છે. આથી રૂપિયા બરબાદ, તંદુરસ્તી ખરાબ અને માતાપિતાની ઇજ્જત આબરૂ બરબાદ.

આપ રસૂલે કરીમ (સ.અ.વ) તો ત્યાં સુધી ફરમાવો છો કે, 'જે છોકરી ઉંમર લાયક થઇ જાય અને તેના માબાપ તેની શાદી ન કરે, તો હવે તે છોકરીથી કોઇ ગુનોહ થઇ જાય, તો તેના જવાબદાર તે છોકરીના માબાપ હશે.'

સુજ્ઞ વાચક મિત્રો, વિચાર કરો, કે કેટલી બધી જવાબદારીની વાત છે, પરંતુ આપણે જરા પણ પરવા કરતા નથી. આ તે સમયની, ૧૪૦૦ વર્ષ પૂર્વે હુઝૂરે (સ.અ.વ) ફરમાવેલ હદીસ છે, કે જ્યારે આજના જેવું વાતાવરણ, આધુનિકતા નહોતી જ્યારે આજના આ આંધળી ફેશનના યુગમાં દરરોજના બનાવો એ વાતની ગવાહી (સાક્ષી) આપે છે કે, છોકરીની વધારે ઉંમર થવા દેવી દરેક રીતે નુકસાનકર્તા છે. હજારો છોકરીઓ મોટી ઉંમરની થઇને બદનામ થઇ ગઇ, યા કોઇ સાથે ભાગી ગઇ. જ્યારે દીકરી પુખ્ત થઇ જાય તો તેની શાદી કરી તેને સુખરૂપ વળાવી દો. જો દહેજ આપવા માટે સગવડ ન હોય તો ન આપો. દહેજ કાંઇ જરૂરી નથી. હઝરત ફાતિમા ઝહરા જે બંને દુનિયાની શાહઝાદી છે- તેમને બંને જહાંના બાદશાહ, પયગંબરે ઇસ્લામ, તાજદારે મદીના હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દહેજમાં શું આપ્યું ? માટીનાં વાસણો ! શું આપણી દીકરીઓ મર્તબા (દરજ્જા)માં હઝરત ખાતૂને જન્નત, હઝરત ફાતિમા ઝહરા રદ્દિયતઆલા અન્હોથી પણ વધી ગઇ ?

વહાલા મોમીન બંધુઓ ! આપણી દીકરીઓ ઉંમર લાયક થઇ જાય, ભણીગણીને સમજદારી કેળવી લે ત્યારે દીનદાર અને અખલાક (ચરિત્રશીલ, સદાચરણ અને શિષ્ટાચાર)વાળા છોકરાની તલાશ કરી, બંને પક્ષે (છોકરા - છોકરી વચ્ચે પણ) સર્વસંમતિ સાધી દીકરીને ખુશી ખુશી વિદાય આપો. દીને ઇસ્લામનું આ શિક્ષણ હોઇ, વધુ આવતા અંકે રોશની નાખીશું.
– કબીર . સી. લાલાણી

* * *

**આયુષ્યમાં વૃદ્ધિ**

કુટુંબ પ્રેમથી ધન અને આયુષ્ય વધે છે
– અમિરૂલ મુઅમિનીન હઝરત અલી કર્રમલ્લારું

* * *

**ઉત્તમ ભલાઇ**

દરેક ભલાઇમાં મા-બાપ સાથે કરેલ ભલાઇ સૌથી ઉત્તમ છે.
**– હઝરત ઇમામ જાફરે સાદ્દિક રદ્દિયતઆલા અન્હો**

## પ્રજામત

### નકલી પોલીસની અસલી આવક

નકલી પોલીસ ટોળકી ક્રાઇમ બ્રાંચના નકલી આઈકાર્ડ ધરાવતી હોય છે. યા પોલીસના ગણવેશ પર ખોટાં નામની પ્લેટ લગાવતી હોય છે. મોર્નિંગ વોકમાં નીકળનારા નાગરિકોને જાણીતા બગીચાઓની આસપાસના વિસ્તારોમાં, વહેલી સવારે કે પરોઢિયે ધોળા દિવસે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં અને મોડી રાત્રે નિર્જન કે અવાવરું સ્થળોએ તેમ જ એકાંતમાં બેઠેલા કે પ્રેમાલાપમાં ગળાડૂબ પ્રેમીપંખીડાઓને અને મંદિરો- દેરાસરોની નજીકમાં પ્રૌઢ વયનાઓ પાસેથી રોકડ રકમો અને દાગીનાઓ લૂંટી લેવાના અગણિત કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયાના સમાચારો પ્રસિદ્ધ પામ્યા છે.

અસલી પોલીસ ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત હોય, ટોચના નેતાઓ કે વિદેશી મહાનુભાવોના સલામતી બંદોબસ્તમાં ઊંચી ન આવતી હોય અગર એકદમ નિષ્ક્રીય હોય ત્યાર નકલી પોલીસની અસલી આવકમાં ઉછાળો આવતો હોય છે.

– જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ
અમદાવાદ

### પરામાં આયુર્વેદિક હૉસ્પિટલની ખોટ સાલે છે

મુંબઇ સમાચારમાં તંત્રી વિભાગના વિદ્વાન પત્રકાર ડૉ. કિશોરભાઇ દવેના અકાળ અવસાન બદલ મને ઘણું જ દુઃખ થયું. જ્યારે હું કિશોરભાઇને તેમના સહકર્મચારી સાથે મળ્યો ત્યારે તેમની સ્થિતિ જોઇ મને ઘણું જ દુઃખ થયેલું. તેમની ઇચ્છા હતી કે કોઇ સારી આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર કરાવવાની, પણ દુઃખ સાથે લખવું પડે છે કે આપણા પરા વિસ્તારમાં આયુર્વેદની એવી કોઇ હોસ્પિટલ જ નથી. અર્વાચીન વૈદકની ઘણી સંસ્થાઓ પણ ખોટ આયુર્વેદની જ છે. આ મહાનગરમાં ઘણાયે સમર્થ સમાજસેવકો છે જેઓ આવી પૂણ્યશાળી પ્રવૃત્તિઓ કરી શકે તેમ છે. શાસ્ત્રોમાં હોસ્પિટલને પૂણ્યશાળા કહી છે, જે જીવનદાન આપવા માટે સમર્થ છે. તેવી સંસ્થાઓની ઊણપ ક્યારે પૂરાશે?

સમાજસેવકો, દાનવીરો, આગેવાનો, હિતચિંતકોએ આ પ્રશ્નને સમજવા જેવો છે અને જ્યારે પશ્ચિમના દેશોમાં યોગ-વિજ્ઞાનની પ્રવૃત્તિઓ થઇ રહી છે ત્યારે મહારાષ્ટ્રમાં યોગ, આયુર્વેદ અને કુદરતી ઉપચારની સેવા આપતી સંસ્થાની ખોટ ક્યારે પૂરાશે? આપણા શાસ્ત્રો પૂરેપૂરી વૈજ્ઞાનિક પરીક્ષા કર્યા પછી લીધેલા સત્યને જ સ્વીકારેલા અને તે વિશે લખવામાં આવેલું છે. અહીંનાં કેટલાક રાજનેતાઓ હજી પણ અર્વાચીન વૈદક વિજ્ઞાનથી જ મોટી સંસ્થાઓ બનાવવા માટે જ પ્રવૃત્ત થયેલા જણાય છે. સ્વદેશીની વાતો હાથીના દાંત જેવી જ સાબિત થઇ રહી છે.

ભારતીયત્વની મોટી મોટી વાતો કરનારા રાજનેતાઓ ભારતીય વિજ્ઞાનની જ અવગણના કરી રહેલા છે. પ્રજા ક્યારે જાગશે અને ક્યારે પૃથ્વી પરના અમૃત આયુર્વેદ, યોગ અને કુદરતી ઉપચાર કેન્દ્રોની માગણી કરશે. દેશમાં વસ્તીની સંખ્યા વધી છે તેવી જ રીતે નિષ્ણાત દાકતરોની સંખ્યા પણ વધી છે. હોસ્પિટલોની સંખ્યા વધી છે પણ રોગીઓની સંખ્યા ઘટવાને બદલે વધી છે, અજાણ્યા રોગોએ દેખા દીધી છે, જેનો ઉપચાર આયુર્વેદમાં હોવા છતાં જરૂર કરતાં વધારે પડતો હોય એવા નવા વૈદકનો મોહ છૂટતો નથી. પ્રજા જાગે અને સમાજસેવી જનોની મદદ લઇ પોતાનો જ ઉદ્ધાર કરવા આગળ આવે!

– ડૉ. રમણભાઇ મિસ્ત્રી
એસ. વી.રોડ મલાડ (પ.),
મુંબઈ-૬૪.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ અને ટેલિફોન નંબર અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## આજનું પંચાંગઃ ગુરુવાર, તા. ૧૫-૨-૧૮ (ઉત્તરાયણ-સૌર શિશિર ૠતુ) દ્વાપરયુગાદિ, પંચક પ્રારંભ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

● ભારતીય દિનાંક ૨૬, માહે માઘ, શકે ૧૯૩૯ ● વિક્રમ સંવત ૨૦૭૪, શા. શકે ૧૯૩૯, માઘ વદ-૩૦ ● જૈન વીર સંવત ૨૫૪૪, ● માહે માઘ, તિથિ વદ-૩૦ ● પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૮૭ ● પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૮૭ ● પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૮૬ ● મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૩૯ ● મીસરી રોજ ૩૦મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૩૯ ● નક્ષત્ર : શ્રવણ સવારે ક. ૦૭-૩૧ સુધી પછી ઘનિષ્ઠા ● ચંદ્ર : મકરમાં રાત્રે ક. ૨૦-૩૯ સુધી પછી કુંભમાં ● ચંદ્રરાશિ નામાક્ષર : મકર (ખ. જ.) કુભ (ગ. સ. શ. ષ.) ● સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩ સ્ટા. ટા. ● સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪ સ્ટા. ટા. ● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતી : સવારે ક. ૧૧-૫૨, મધ્યરાત્રે ક. ૦૦-૨૮ ● ઓટઃ સાંજે ક. ૧૭-૪૭ મધ્યરાત્રિ પછી કે ૦૬-૨૯ (તા. ૧૬મી) ● વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૪, 'સૌમ્ય' નામ સંવત્સર. શાલિવાહન શક ૧૯૩૯, 'હેમલંબી' નામ સંવત્સર. ઉત્તરાયણ-સૌર શિશિર ૠતુ. માઘ વદ-અમાવસ્યા. દ્વાપરયુગાદિ. અન્વાધાન, દર્શઅમાસ, ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય. પંચક પ્રારંભ રાત્રે ક. ૨૦-૪૦. ● શુભાશુભ દિન શુદ્ધિઃ શુભકાર્ય વર્જ્ય છે. ● મુહૂર્ત વિશેષ : તીર્થમાં તર્પણ શ્રાદ્ધ, ત્રિપિંડી શ્રાદ્ધ, નારાયણ બલિ, તીર્થ સ્નાન, જપ, તપ, શિવ-વિષ્ણુ-સૂર્ય પૂજા, પિતૃ, ૠષિ, સૂર્ય તર્પણ સ્નાન સમયે, મંગળ ગ્રહ દેવતાનું પૂજન, બ્રાહ્માનું પૂજન, ઇન્દ્ર દેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું. જે સ્થળે વાદળા દેખાઈ તથા ઠંડા પવન રહે ત્યાં ઘઉના પાકને અને અન્ય પાકને નુકસાન શક્ય છે. વાદળા ન હોય ત્યાં તા. ૩૦ મેથી ૧૩ જૂનમાં રૂના ભાવમાં તેજી થશે. ચૌદશ અમાસના અભ્યાસ મુજબ રૂમાં તેજી આવશે. અમાસકાલીન ગ્રહ યોગ. શેર બજારમાં તા. ૧ માર્ચ સુધી મોટી વધઘટ ચાલુ રહેશે. વાયદાના વેપાર હિતાવહ નથી. ઘર, આવાસ, રહેઠાણ ઇત્યાદિના વેચાણમાં તેજી આવશે. બાંધકામ ક્ષેત્રે પ્રગતિ જણાય છે. સરકારના વેપાર ઉદ્યોગોને ઉત્તેજન આપે તેમ છે. પાડોશી રાષ્ટ્ર તરફથી થતી મુશ્કેલીઓમાં વધારો થાય તેમ છે. ખંડગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. ગ્રહણ સ્પર્શ મધ્ય રાત્રે ક. ૦૦-૨૬, ગ્રહણ મોક્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૭ તા. ૧૬, ગ્રહણ દક્ષિણ અમેરિકા અને એન્ટાર્ટિકામાંથી દેખાશે. ● આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ અકારણ નાણાં વેડફાટ, ચંદ્ર-બુધ યુતિ પર્યટન પ્રવાસનો શોખ, ચંદ્ર-સૂર્ય યુતિ શરીર અને મનની સ્થિતિ ડામાડોળ. ● ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-સૂર્ય યુતિ (તા. ૧૬), ● અમાસનો ચંદ્રાસ્તઃ સાંજે ક. ૧૮-૨૧ ● ગ્રહ ગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-વૃશ્ચિક, બુધ-કુંભ, ગુરુ-તુલા, શુક્ર-કુંભ, શનિ-ધનુ, રાહુ-કર્ક, કેતુ-મકર, હર્ષલ-મેષ, નેપ્ચ્યૂન-કુંભ, પ્લુટો-ધનુ.